અપીલ અરજી નં.૧૧૯ તા.૨૮–૭–૦૯/૧૦

અરજદાર:– શ્રી ઠાકોરભાઈ મુળજીભાઈ ભંડારી

સામાવાળા:– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

***ફરીયાદની હકીકત:–***

***વિષય:–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઠાકોરભાઈ મુળજીભાઈ ભંડારીની આઈ ડી નં.૧૦૨ તા.૧૧–૬–૦૯ ની અરજીથી મોજે ગામ ઉમરા હરીજનવાસની તળની જમીન કે જેનો રે.સ.નં.૧/૬૫/૧ પૈકી નં.૩ ની પૂર્વ દિશામાં તથા ટીપી સ્કીમ નં.૫ પ્રમાણે ઉત્તર દિશામાં ખુલ્લા રસ્તામાં બાંધકામ થયેલ છે તેની કોઈ પરવાનગી આપવામાં આવી છે? પ્લાન પાસ થયો છે? રજાચિઠ્ઠી આપવામાં આવી છે કે ઠરાવો પણ થયા છે? કે કેમ? ગેરકાયદેસર દબાણ કરનાર સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી છે કે કેમ, કે કરનાર પણ છો કે કેમ? ગેરકાયદેસર દબાણો કરનાર દિવાલ કે સંડાસ બનાવનાર વિરુધ્ધ કાયદેસરના પગલા ભરવા કયા કાયદા અને ઉપનિયમોનો બાધ નડે છે તેની માહિતી, તેમાં કસુર થાય તો દંડ વિગેરેની જોગવાઈ છે? વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૯/૨૦૦૯–૧૦

શ્રી ઠાકોરભાઈ મુળજીભાઈ ભંડારીની આઈ ડી નં.૧૦૨ તા.૧૧–૬–૦૯ ની અરજીથી મોજે ગામ ઉમરા હરીજનવાસની તળની જમીન કે જેનો રે.સ.નં.૧/૬૫/૧ પૈકી નં.૩ ની પૂર્વ દિશામાં તથા ટીપી સ્કીમ નં.૫ પ્રમાણે ઉત્તર દિશામાં ખુલ્લા રસ્તામાં બાંધકામ થયેલ છે તેની કોઈ પરવાનગી આપવામાં આવી છે? પ્લાન પાસ થયો છે? રજાચિઠ્ઠી આપવામાં આવી છે કે ઠરાવો પણ થયા છે? કે કેમ? ગેરકાયદેસર દબાણ કરનાર સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી છે કે કેમ, કે કરનાર પણ છો કે કેમ? ગેરકાયદેસર દબાણો કરનાર દિવાલ કે સંડાસ બનાવનાર વિરુધ્ધ કાયદેસરના પગલા ભરવા કયા કાયદા અને ઉપનિયમોનો બાધ નડે છે તેની માહિતી તેમાં કસુર થાય તો દંડ વિગેરેની જોગવાઈ છે? વિગેરે માહિતી આપવા બાબતે નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આનં.૨૬૧ તા.૯–૭–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૪૭૩ તા.૪–૮–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૩૬૮ તા.૧૩–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી, વેચાણ દસ્તાવેજની નકલ, તા.૧૨–૯–૦૮ ની અરજી તથા તા.૩૦–૧–૦૯ ની અરજી તથા લોકેશન ૩૬એ–૦૧–૭૭૮–૦–૦૦૧ ના વેરા ભર્યાની રસીદ તથા અરજદારને આપેલ માહિતી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૬૧ તા.૯–૭–૦૯ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૬–૦૯ ની અરજીથી મોજે ગામ ઉમરા હરીજનવાસની તળની જમીન કે જેનો રે.સ.નં.૧/૬૫/૧ પૈકી નં.૩ ની પૂર્વ દિશામાં તથા ટીપી સ્કીમ નં.૫ પ્રમાણે ઉત્તર દિશામાં ખુલ્લા રસ્તામાં બાંધકામ થયેલ છે તેની કોઈ પરવાનગી આપવામાં આવી છે? પ્લાન પાસ થયો છે? રજાચિઠ્ઠી આપવામાં આવી છે કે ઠરાવો પણ થયા છે? કે કેમ? ગેરકાયદેસર દબાણ કરનાર સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી છે કે કેમ, કે કરનાર પણ છો કે કેમ? ગેરકાયદેસર દબાણો કરનાર દિવાલ કે સંડાસ બનાવનાર વિરુધ્ધ કાયદેસરના પગલા ભરવા કયા કાયદા અને ઉપનિયમોનો બાધ નડે છે તેની માહિતી તેમાં કસુર થાય તો દંડ વિગેરેની જોગવાઈ છે? વિગેરે માહિતી માંગવામાં આવેલ. જે અંગે મ.જાહેર માહિતી અધિકારીએ ઉમરાતળની ટીપી નં.૫ પ્રમાણે ઉત્તર દિશામાં ખુલ્લા રસ્તામાં કોઈ બાંધકામ થયેલ નથી જયારે કાયદેરની કાર્યવાહી કરી છે કે કેમ કે કરનાર છે કે કેમ? જે અંગે ગામતળની જમીનોમાં ગેરકાયદેસર દબાણ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૨૮–૭–૦૯ ના રોજ અપીલ અરજી કરી રજૂઆત કરેલ છે કે પૂરેપૂરી માહિતી આપેલ નથી તથા અપીલ તબકકે પૂર્વ દિશામાં જે રોડ આવેલ છે તે રોડના કેટલા ઈસમોએ ગેરકાયદેસર રીતે દિવાલ બનાવી પાકા મકાન બનાવી ગેરકાયદેસર દબાણ કરેલ છે તથા અરજદારના પ્લોટની પૂર્વ દક્ષિણ દિશામાં આશરે બે સંડાસો રસ્તા પર બનાવવામાં આવેલ છે તેવી રજૂઆત કરી સામાવાળાએ ખરી માહિતી આપી નથી અને તેવી માહિતી બાબતે મોઘમ રહેલા છે તેવું જણાવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નહી અપાયેલ પૂર્વ દિશામાંના બાંધકામો અંગેની રજૂઆતની તથા જો તેવા બાંધકામ થયેલ હોય તો તે બાબતે પગલા લેવા સબંધે અરજદારે માંગેલ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો આ દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી સબંધિત દફતરની તપાસણી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૨(જે) અને ૭(૩) તેમજ નિયમ–૫ થી ઠરાવેલ તપાસની ફી ભરપાઈ કરીને કરવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે અમલવારી કરવા પણ ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ: –૮ – ૦

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવાઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઠાકોરભાઈ મુળજીભાઈ ભંડારી, (કોન્ટ્રાકટર), બી–૪૧, શારૂનગર, ગામ પીપલોદ નજીક, તા.ચોર્યાસી. જી.સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ